R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-24 • ISSUE: 04 DATE: 24-01-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ફ્રાંસના મેગેઝીન શાર્લી હેબ્દોએ છાપેલા પયગંબરના કાર્ટુનને કારણે નાઇજીરીયામાં મુસ્લીમ કટ્ટરવાદીઓએ ચર્ચો અને પાસ્ટરોના મકાનો સળગાવ્યા,૧૦ના મોત



નાઈજીરીયામાં મુસ્લીમ કટ્ટરવાદીઓ દ્વારા ફ્રાંસના મેગેઝીન શાર્લી હેબ્દો દ્વારા છપાયેલ મહમંદ પયગંબરના કાર્ટુનનો વિરોધ કરવાના હેતુસર મુસ્લીમોના ટોળાઓએ નાઈજરમાં ચર્ચો અને પાસ્ટરોના મકાનો તોડીફોડી સળગાવી દીધા હતા.વિરોધ પ્રદર્શનને કારણે ૧૦ લોકોના મોત નિપજ્યા હતા.નિયામે કેપીટલ ખાતેથી ક્રિશ્ચિયન મિશનરીએ ઈન્ટરનેશનલ ક્રિશ્ચિયન કન્સનને જણાવ્યું હતું કે તેમના બધા જ ચર્ચો સળગાવી દેવાયા હતા. સાથે સાથે પાસ્ટરોના મકાનો પણ સળગાવી દેવાયા હતા.જેટલા ચર્ચો છે તે બધા જાણીતા ચર્ચો છે તેથી બધા પર હુમલા કરવામાં આવ્યા હતા.મિશનેરીએ જણાવ્યું હતું કે તેમની આજુબાજુ તમામ જગ્યાએ ધુમાડો દેખાઈ રહ્યો છે પરંતુ તેઓ ત્યાં જ છે.

ઈસુએ કહ્યું છ કે હું મારા ચર્ચો બનાવીશ,નરકના દરવાજાઓ પણ તેને બનાવતા રોકી શકશે નહી.તેથી અમો વિશ્વાસ રાખીએ છીએ કે આ સતાવણી એ ચર્ચોના ઉછેર અને માવજત માટે અને નાઈજરમાં વધુ લોકોને ઈશ્વરના વચનો પહોચે તે માટે છે.શાર્લી હેબ્દો કે જેની ઉપર આતંકી હુમલો જાન્યુઆરીમાં પેરીસ ખાતે કરાયો હતો.અને ત્યાં ૧૨ લોકો ની હત્યા કરવામાં આવી હતી.અખબારી સ્વાતંત્રતા છે ત્યાં ધર્મના નામે ખ્રિસ્તીઓ પર હુમલા કરાય છે.અમને એ ખબર નથી કે નાઈજરમાં ચર્ચો પર કેવી રીતે હુમલા કરવામાં આવ્યા અને તેને બાળી નાંખવામાં આવ્યા કદાચ તે ન્યુઝપેપરના કારણે હોઈ શકે.

અલ ઝઝીરાના રીપોર્ટ પ્રમાણે હિંસક ટોળાઓએ નિયોમીમાં કરેલા હુમલાને કારણે પાંચ જેટલા લોકોના મરણ ચર્ચની અંદર થયા હતા.અને બીજા બહારની સાઈડમાં આગને કારણે મરણ પામ્યા હતા.અને પાચ જેટલા આગને કારણે મરણ પામ્યાના અહેવાલો આવ્યા હતા.વિરોધની શરુઆત નિયોમી ખાતે આવેલ ગ્રાન્ડ મસ્જીદથી થઈ હતી,તેવું બીબીસીના સમાચારોમાં કહેવાયું હતું.જેમાં છ ચર્ચો બાળી મુકાયાનો રીપોર્ટ આવ્યો હતો.પાસ્ટર ઝકરીયા જેડી કે જે એક ચર્ચ બાળી નંખાયું તે ચલાવતા હતા,તેમણે જણાવ્યુ હતું કે તેઓ તેમના કુટુંબને ત્યાંથી દુર લઈ ગયા હતા.સલામત કુટુંબને મુકીને પાછા આવ્યા ત્યારે બધું બાળી નંખાયું હતું.મારા ઘરમાં કે ચર્ચમાં કાંઈ બચ્યું નહોતું.

નાઈજરીયાના પ્રેસિડેન્ટ મોહમંદુ ઈસુફા,પેરીસમાં યોજાયેલ વર્લ્ડ લીડર માર્ચમાં સામેલ રહ્યા હતા.આ લીડરો એ આતંકવાદ વિરુધ્ધ માર્ચ કરી હતી.પ્રેસિડેન્ટે નાઈજીરીયામાં ખ્રિસ્તીઓની થયેલ હિંસા અને ચર્ચો અને અન્ય મિલક્તો બાળી નંખાઈ તેના માટે દિલગીરી જાહેર કરી હતી.અને તમામ ઘટનાને વખોડી કાઢી હતી.તેમણે કહ્યું હતું કે જેઓએ પ્રાર્થના સ્થળો પર લુંટ ચલાવી છે,તેમજ ખ્રિસ્તીઓની હિંસા કરી છે તેઓ ખરેખર ઈસ્લામને સમજ્યા જ નથી.ઈસ્લામ કદી આવું કરવાનું સમજાવતો નથી.

ઈસ્લામીક દેશોમાં આ મેગેઝીને છાપેલા કાર્ટુનને કારણે ઉભા થયેલા વિવાદથી નાઈજીરીયા, માલી, સુદાન અને સોમાલીયા જેવા દેશોમાં જ્યાં આતંકવાદીઓનો મજબુત કન્ટ્રોલ છે તે વિસ્તારોમાં વસતા ખ્રિસ્તીઓ સલામત સ્થળે ખસી જવા લાગ્યા છે.કારણકે ચર્ચો બાળવા,ખ્રિસ્તીઓના ઘરો લુંટવા અને ખ્રિસ્તીઓના ધંધા રોજગાર પર લુટં ચલાવવી આ આતંકવાદીઓ માટે સરળ પ્રક્રિયા છે.હુમલાઓને ખાળવા માટે મોટાભાગના ખ્રિસ્તીઓ સલામત સ્થળે ખસી રહ્યા છે.હજુ પણ આ મેગેઝીન અખબારી સ્વાતંત્રતાના નામે કાર્ટુન પ્રસિધ્ધ કરી શકે તેમ છે.મુસ્લીમ દેશોમાં વસતા ખ્રિસ્તીઓ કટ્ટરવાદીઓ માટે સરળ શિકાર છે.ખ્રિસ્તીઓ ખુબજ મુશ્કેલીઓનો અનુભવ કરી રહ્યા છે.જેઓને આ ઘટના સાથે લેવાદેવા નથી છતાં તેમણે નુકશાન વેઠ્યું છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## સાઉદી અરેબીયા ઈસીસ મીલીટંટોના હુમલાનો પ્રતિકાર કરવા માટે સરહદ પર મોટી દિવાલ ઉભી કરી રહ્યુ છે

ઈસ્લામીક આતંકવાદી સંગઠનની દિવસે દિવસે વધતી જતી ધાક ધમકીઓને લઈને સાઉદી અરેબીયાએ સાઉદી નોર્થન બોર્ડર,જે ઈરાકી સરહદ ગણાય છે ત્યાં દિવાલ ઉભી કરીને ઈસ્લામીક આતંકવાદીઓને તેમના દેશમાં પ્રવેશતા અટકાવવા માટે આયોજન કરી રહ્યુ છે. આ દિવાલ છસો માઈલ લાંબી બનશે.ઈરાક સાઉદી સરહદને આવરી લેતી આ દિવાલ જોર્ડનથી કુવૈત સુધીની બનશે.આ દિવાલને પાંચ લેયર વાયરની બનાવાશે.જેમાં પેટ્રોલ રોડ,૨૪૦ જેટલા રિપોન્સ વીહીકલ,અન્ડરગ્રાઉન્ડ મોશન સેન્સર્સ,૪૦ વોચ ટાવર્સ,રાડાર, ડે નાઈટ કેમેરાઓ,સાત કમાન્ડ સેન્ટર,૨૮ કોમ્યુનીકેશન ટાવરો,૩૨ મિલીટરી રીપોન્સ સ્ટેશન(જે હેલીપેડથી સુરક્ષિત) અને ત્રણ રેપીડ ઈન્ટરવેશન ટીમથ આ સરહદની દિવાલો સાથે ઉપરોક્ત જોડવામાં આવશે.

આવી દિવાલ ઉભી કરવા પાછળનો સહુ પ્રથમ વિચાર યુ.એસ. દ્વારા જ્યારે ઈરાક પર ૨૦૦૬માં હુમલો કરવામાં આવ્યો ત્યારે આવ્યો હતો.પરંતુ વિચાર અમલી બન્યો નહોતો.પરંતુ સપ્ટેમ્બર બાદ ઈસ્લામીક સ્ટેટ સંગઠન દ્વારા સ્વાથ જે અનબર ઈરાકનું પ્રોવીન્સ છે જે પર કબજો જમાવ્યા બાદ આ બાબતની શરુઆત થઈ હતી.

ટેલીગ્રાફના રીપોર્ટ પ્રમાણે સાઉદી સરકાર હવે તાત્કાલીક આ સરહદી વાડ બનાવવા લાગી છે.કારણકે જાન્યુઆરી માસમાં ઈસીસના આતંકીઓએ સાઉદી સરહદમાં આવેલ અરાર પર ઘુસણખોરી કરી હતી.જ્યારે સાઉદી બોર્ડર પેટ્રોલ દ્વારા ઈસીસ આતંકીઓને રોકવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેઓએ ત્રણ બોર્ડર ગાર્ડને મારી નાંખ્યા હતો.જેમાં જે વિસ્તારના સાઉદી બોર્ડર કમાંન્ડરનો સમાવેશ થાય છે.આ ઘટનામાં ચાર ઈસીસના આતંકીઓનો પણ મોત નિપજ્યા હતા.આ ઘટનાને કારણે સાઉદી મીલીટરીએ ત્રીસ હજાર ટ્રુપને સરહદ પર મોકલી આપ્યા હતા.

કેટલાક સીક્યુરીટી એનાલીસ્ટનું માનવુ છે કે ઈસીસ દ્વારા સાઉદી પર કરવામાં આવેલ આ પ્રથમ હુમલો છે.જો કે આ બાબત હજુ સ્પષ્ટ નથી થઈ કે આ હુમલો થયો હતો કે આતંકીઓને બોર્ડર ક્રોસ કરતાં પડકાર્યા હતા ત્યરે ઘટના બની હતી.નવેમ્બરમાં ઈસીસ તરફથી જાહેરાત કરવામાં આવી હતી કે તેઓ તેમના કાર્યક્ષેત્રનું વિસ્તરણ કરશે જેમાં અરેબીયન પેનીનસુલાનો સમાવેશ થાય છે.સાઉદી અરેબીયા ઈસ્લામનું જન્મસ્થાન છે.તેમજ ધાર્મિક પવિત્ર સ્થળ પણ ત્યાં આવેલું છે.પવિત્ર મસ્જીદો મક્કા અને મદીનાની ત્યાં આવેલી છે.ઈસ્લામીક સંગઠનનો ઈરાદો સાઉદી કબજે કરી આ ધાર્મિક સ્થળો પોતના કાબુ હેઠળ લેવા માંગે છે.થોડાક માસ પહેલા ઈસીસ ટોપ લીડર અબુ બકર-અલ-બગદાદીએ સાઉદીમાં વસતા સુન્ની લોકોને સાઉદીની અંદર હુમલા કરવા માટે જણાવ્યું હતું.સુન્ની લોકોએ આ બાબતનો જવાબ આપવાનો શરુ કર્યો છે.સાઉદી સરકારે સુન્ની મૌલાનાઓને ઈસીસ ઝુંબેશ સામે અવાજ ઉઠાવવા આગ્રહ કર્યો છે.પોલીસે ડીસેમ્બરમાં ૧૩૫ ઈસીસ મળતીયાઓની ધરપકડ કરી હતી.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

ફ્રાંસના પેરિસ ખાતે શાર્લી હેબ્દો મેગેઝીનની ઓફીસ પર આતંકી હુમલો થયો અને તેમાં ૧૧ પત્રકારો સહિત ૧૨ વ્યક્તિઓને મોતને ઘાટ ઉતારી દેવાયા.અભિવ્યક્તિની સ્વાતંત્રતા પર તરાપ મારનારા હુમલાખોરોને સરકારે જવાબી કાર્યવાહીમાં ઢાળી દીધા.પરંતુ આ એક નવા પ્રકારનો આતંકવાદ છે.સ્વચ્છંદી અને ગુનાહિત ઈતિહાસ ધરાવનારા સ્થાનિક લોકો દ્વારા આતંકવાદનો ચહેરો જોવા મળ્યો છે.ઈસીસ દ્વારા અમેરિકન પત્રકારોના ઘડ કાપી નંખાયાના વીડીયો થોડક સમય પહેલા જારી કરેલા વિશ્વભરના લોકોએ નિહાળ્યા હતા.પેરિસ પર અખબારી ઓફીસ પર થયેલા હુમલાથી વિશ્વભરમાં આવા હુમલાઓ થઈ શકે છે તેની ચેતવણી મળી છે.ઈસ્લામીક કટ્ટરતાવાદ કેટલો નીચે ઉતરી ગયો છે તેની આ પરાકાષ્ઠા બતાવે છે.જો કે ઈસ્લામી પયગંબરના કેટલાક વિવાદી કાર્ટુનો મેગેઝીને છાપ્યા હતા તેના કારણે તેમને નિશાન બનાવાયા હતા. આમ છતાં આ મેગેઝીને તાબડતોડ આ માર્યા ગયેલા પત્રકારોને શ્રધ્ધાંજલિ આપતો નવો અંક બહાર પાડ્યો હતો જેમાં મંહમદ પયગંબરના કેટલાક કાર્ટુનો છપાયા છે.જો કે આ નવા છપાયેલ અંકની લાખો નકલ ચપોચપ ઉપડી ગઈ હતી.

અખબારી સ્વાતંત્રતાના નામે બલિ પર ચઢી જનારા આ મહાન વિરલાઓને અમો પુરા હ્રદયથી શ્રધ્ધાજલિ આપીએ છીએ.દુનિયા ભરમાં દિવસે દિવસે પત્રકારોની સલામતી ઘટતી જાય છે.તાજેતરમાં પ્રસિધ્ધ થયેલ રીપોર્ટ પ્રમાણે ૨૦૧૪ની સાલમાં ૬૬ પત્રકારોના જાન ગયા છે.આ તમામ શહીદીને વહોરનારા પત્રકારોને અમારી ભાવભીની શ્રધ્ધાંજલિ આપીએ છીએ.૨૦૧૫ની શરુઆતમાં પેરીસમાં બનેલી કલંકિત પત્રકારોની હત્યાની ઘટનાને અમો વખોડી કાઢીએ છીએ.

## એસઆઇટીએ કાળા નાણાં માટે કાયદામાં સુધારણા માટે ૧૩ ભલામણો કરી

કાળા નાણાં અગેની હવે કેટલીક માહીતીઓ બહાર આવતી જાય છે.સ્વીસ બેન્કોમાં ૩૩૯ ભારતીયોએ ૪૭૯ કરોડ રુપીયા સગેવગે કર્યા હોવાની માહિતી સાંપડી છે.બીજી તરફ ઘર આંગણે પણ ૧૪,૯૫૮ કરોડ રુપીયાનું કાળુ નાણું બહાર આવ્યું છે. આવકવેરા ખાતાએ ૭૯ લોકો કે કંપનીને સાંકળતા ૩૩૯ કેસોનું એસેસમેન્ટ કરી નાંખ્યું છે.સુપ્રીમ કોર્ટે કાળા નાણાં અંગે રચેલી સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ(સીટ) વિદેશોમાં ૫૦ લાખથી વધુ રુપીયાની રકમની કરચોરી કરીને ગેરકાયદે નાણાં સગેવગે કર્યા હોય તેમની ભારતમાં આવેલી સંપત્તિ જપ્ત કરવા માટે કાયદામાં સુધારાની ભલામણ કરી છે. સીટે કુલ આ બાબતે ૧૩ ભલામણો કરી છે.

એચએસબીસીની જીનીવા બ્રાંચમાં જે ૬૨૮ ભારતીયોના ખાતાં હોવાની યાદી બહાર આવી હતી તેની તપાસ કર્યા બાદ સીટે કહ્યું છે કે ૭૯ લોકો સામે કાર્યવાહી શરુ થઈ ગઈ છે. આ તમામ ખાતાઓ પૈકી ૨૮૯ ખાતામાં કોઈ રકમ નથી. ૨૦૧ ખાતેદાર બિનનિવાસી ભારતીય છે. અથવા તો તેમની માહીતીની ખબર નથી. જ્યારે ૪૨૭ની સામે કાર્યવાહી થઈ શકે છે.સીટે કોર્ટમાં રજુ કરેલા રીપોર્ટમાંથી આ વિગતો બહાર આવી હતી.સીટે વિવિધ ભલામણો સાથે કહ્યું હતું કે રોકડ રકમની કાયદેસર હેરફેર મર્યાદિત કરવી જોઈએ.એક લાખથી વધુ રકમની રોકડ અને ચેકની ચુકવણી માટે પાનકાર્ડ અનિવાર્ય હોવું જોઈએ.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


## વિશ્વભરમાંથી ગત વર્ષમાં ૬૬ પત્રકારોની હત્યા કરાઇ હતી

દિવસે દિવસે પત્રકારોની સલામતિ ઘટતી જાય છે.તંગ વિસ્તારો,આતંકીઓના સમાચારો લોકો સુધી પહોચાડવા માટે માધ્યમો અને તેમના પત્રકારો જે તે વિસ્તારોમાં ધામા નાખીને રહે છે. હવે આવા કટ્ટરવાદી જુથો અને તેમના કાર્યકરો આ પત્રકારોને નિશાન બનાવી રહ્યા છે.રિપોર્ટ વિધાઉટ બોર્ડર નામની સંસ્થા તેના રીપોર્ટમાં જણાવે છે કે છેલ્લા વર્ષ દરમિયાન પત્રકારોની હત્યા અને તેમના અપહરણના આંકડાઓમાં સતત વધારો થતો રહ્યો છે.આ રીપોર્ટમાં જણાવાયુ હતું કે આ વર્ષમાં ૬૬ પત્રકારોના મોત નિપજ્યા છે.આ પત્રકારો વિવિધ વિસ્તારોમાં પોતાની ફરજ બજાવતા હતા.

આ માર્યા ગયેલા પત્રકારોમાં એએફપીના પત્રકાર સરદાર અહેમદ પણ છે. જેમને તાલિબાનોએ કાબુલમાં હોટલ પર કરેલા હુમલામાં મોત થયું હતું.તેમની સાથે તેમની પત્ની અને તેમના બે બાળકોનું પણ મોત નિપજયું હતું. આ ઉપરાતં આઈએસઆઈએસ દ્વારા હાલમાં બે પત્રકારો જેમ્સ ફોલે અને સ્ટીવનના શિરચ્છેદના વિડીયો બતાવાયા હતા.આવા સમાચારો જોઈને કમકમાં આવી જાય છે.પરંતુ લોકો સુધી છેલ્લા સમાચારોનું રીપોર્ટીંગ કરતા પત્રકારોના ભોગ લેવાઈ રહ્યા છે.જે દુનીયાની શાંતિ અને પારદર્શીતા માટે હાનિકારક છે. આ રીપોર્ટમં આ બનાવોનો ઉલ્લેખ આ રીતે કરવામાં આવ્યો છે કે દુનિયામાં આટલી બર્બરતાથી પોતાનો પ્રચાર કરવા માટે કોઈ પત્રકારને મારી નાંખવામાં આવ્યો નથી.આ બનાવથી આખી દુનિયામાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે આઘાત લાગ્યો છે.જો કે ગયા વર્ષમાં માર્યા ગયેલા પત્રકારોમાં થોડો ઘટાડો થયો છે. કારણકે અશાંત દેશોમાં શાંતિ સ્થપાઈ છે. ગયા વર્ષે ૭૧ પત્રકારોના જાન ગયા હતા. ૨૦૦૫ થી અત્યાર સુધીમાં કુલ ૭૨૦ પત્રકારોના મોત નિપજ્યા છે.જે આપણી દુનિયાની પરિસ્થિતિનો તાગ આપે છે.પરંતુ અપહરણાં સખત વધારો થયો છે. પત્રકારોના અપહરણમાં ૩૭ ટકાનો વધારો થયો છે.આ વર્ષે ૧૧૯ પત્રકારોના અપહરણ થયા હતા.આ બનાવોમાં મોટા ભાગે યુક્રેન,મિડલ ઈસ્ટ અને નોર્થ આફ્રિકાના આત્યાંતિક જુથોએ અંજામ આપ્યો હતો.આ અપહરણ ૩૩ યુક્રેનમાં, ૨૯ લીબીયામાં અને ૨૭ સીરીયામાં થયા હતા

આ અપહરણ અને ખુન થયેલા પત્રકારોમાં સ્થાનિકોની સંખ્યા સૌથી મોટી છે.કુલ માર્યા ગયેલા પત્રકારોમાંથી ૯૦ ટકા તો સ્થાનિક પત્રકારો હતા.સીસીયામાં કેદ કકરાયેલા ૨૨ પત્રકારોમાંથી ૧૬ તો સીરીયાના જ હતા.જયારે ઈરાનમાં કટ્ટરવાદી જુથો એ કેદ કરેલા ૮ પત્રકારોમાંથી બધાજ ઈરાની છે.આ ઉપરાંત વિધિસરની સરકારો પણ પત્રકારોને સજા આપવામાં ઉણી ઉતરતી નથી.એવા કિસ્સાઓ પણ જોવા મળ્યા છે. જેમાં પત્રકારોને સરકારે સજા કરી હોય. અઝરબાઈઝાનમાં પણ આ રીતે પત્રકારોને કેદ કરવામાં આવે છે.અને તેમના પર કલમો લગાડાય છે.તેને હાલમાં યુરોપનું પત્રકારો માટેનું સૌથી મોટું કેદખાનું તરીકે ઓળખ મળી છે.કુલ ૧૭૮ પત્રકારો વિવિધ કારણોસર જેલમાં છે.આ બધા પર સરકારોએ કલમો લગાડીને કેદ કર્યા છે.પત્રકારોને જેલમાં પુરવા માટે ચીન મોખરે છે.ચીનમાં કુલ ૨૯ પત્રકારો જેલમાં છે. જ્યારે ઈરિટ્રીયમાં ૨૮ અને ઈરાનમાં ૧૮પત્રકારો જેલમાં છે. આ ઉપરાંત ઘર છોડીને અન્યે કોઈ જગ્યાએ જતા રહેવામાં સીરીયા મોખરે છે. સીરીયામાં ૩૭ પત્રકારો ઘર છોડીને અન્ય સ્થળે સ્થળાંતરિત થઈ ગયા છે.

( સૌ.ઈસ્યું ઈન ન્યુઝ.સંદેસ)
(નવ-૧)

## ભુતપુર્વ આઇપીએસ ઓફિસર કિરણ બેદી દિલ્હીમાંથી બીજેપીના ઉમેદવાર તરીકે વિધાનસભાની ચુંટણી લડશે



ભુતપુર્વ આઈપીએસ ઓફિસર અને સોશ્યલ એકટીવીસ્ટ તરીકે જાણીતા કિરણ બેદીએ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈને દિલ્હીમાંથી વિધાનસભાની ચુંટણી લડવાની તૈયારીઓ શરુ કરી દીધી છે.તેણી આપના ભુતપુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે ચુંટણી લડશે.તેમણે જણાવ્યું હતું કે તેઓ નરેન્દ્ર મોદીથી પ્રભાવિત થઈને બીજેપીમાં જોડાયા છે. તેઓ અન્ના હજારે સાથે ઈન્ડીયા અગેસ્ટ કરપ્શન મુવમેન્ટમાં હતા.પરંતુ ત્યારબાદ તેઓનું નરેન્દ્ર મોદીના કારણે હદય પરિવર્તન થયું અને બીજેપીમાં જોડાયા.પરંતુ તેમને તેમના એક વખતના સાથી અરવિંદ કેજરીવાલ સામે અજમાવવામાં આવી રહ્યા છે. લોઢાને લોઢું કાપે તેવી થીયરી પર બીજેપી દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં ટેકટીક અજમાવી રહી છે.આ પહેલા વિધાનસભાની ચુંટણીમાં અરવિંદ કેજરીવાલે ભુતપુર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષિતને અહીયાથી હરાવ્યા હતા. તેથી બીજેપીના નેતાઓનું માનવું છે કે કિરણ બેદી હવે કેજરીવાલને હરાવી શકશે.જો કે મીડીયામાં એવા સમાચાર પણ આવ્યા છે કે ભુતપુર્વ એકટ્રેસ અને રાજકારણી બનેલા જયાપ્રદા જે રાષ્ટ્રીય લોકદળની ટીકીટ પર ૨૦૧૪માં લોકસભાની ચુંટણી લડ્યા હતા.આ પહેલા તેઓ સમાજવાદી પાર્ટી સાથે હતા.અને તે પહેલા તેલુગુ દેશમ પાર્ટીમાં હતા.આમ આદમી પાર્ટીના લીડર શઝીયા ઈલ્મી પર તેમની સાથે બીજેપીમાં જોડાવા જઈ રહ્યા છે.દિલ્હીમાં ૭ ફેબ્રુઆરીએ ચુંટણીઓ થશે અને ૧૦ ફેબ્રુઆરીએ પરિણામ આવી જશે.જો કે ભારતીય જનતા પાર્ટીએ દિલ્હીની વિધાનસભામાં કોની બહુમતી મળી શકે અને કયા ઉમેદવારને મુખ્યમંત્રી તરીકે પ્રોજેકટ કરીને ચુંટણી જીતી શકાય તેના તાજેતરમાં કરાયેલ સર્વેમાં કિરણ બેદી મુખ્યમંત્રી તરીકે ચુટાઈ શકે તેમ છે. તેથી કેજરીવાલની સામે અન્ય કોઈ ઉમેદવારને પસંદ ના કરતાં બેદીની પસંદગી ભાજપે કરી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# ધર્માંતરણ સબંધી દેશમાં ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં અલગ કાયદો અસ્તિત્વમાં છે

હાલમાં ચર્ચા સ્થાને રહેલ ધર્માંતરણ વિવાદ બાબતે કેન્દ્ર સરકાર દરેક માટે એક કોમન કાયદો લાવવાની તૈયારી કરી રહી છે.ત્યારે દેશમાં પહેલાથી જ પાંચ રાજ્યોમાં આ સબંધી પોતાના કાયદા છે.ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, અને ઓરિસ્સા એવા રાજ્યો છે જ્યાં ધર્મપરિવર્તન કરતાં પહેલાં સરકાર પાસેથી અનુમતિ મેળવવી પડે,અને તે ફરજીયાત છે.બળજબરીપુર્વકનું ધર્માંતરણ ગુનો છે.તેમજ અનુમતિ લીધા વગર ધર્માંતરણ કરવું પણ ગુનો છે.હિમાચલ પ્રદેસની કોર્ટે ધર્મને અંગત બાબત ગણાવીને જાણ કરવાની જોગવાઈ ફુકરાવી દીધી હતી.

ધર્માંતરણના મુદ્દે કેટલાક સવાલો મુંઝવી રહ્યા છે.કોને ધર્માંતર કહેવાય ? હાલમાં કર્યું હોય તે કે પછી પેઢીઓ પહેલાં કહેલ ધર્માંતરણને ધર્માંતરણ કહેવાય.કદાચ બહુ ઓછા લોકો એવા હશે કે જેમણે છેલ્લા દસકામાં ધર્મપરિવર્તન કર્યું હોય શકે.હિંદુ ધર્મમાંથી બોધ્ધ ધર્મમાં પરિવર્તન કરાનારની સંખ્યા મોટી છે.ધર્મની વ્યાખ્યામાં હિંદુ ધર્મથી નોખા કહેવાતા ધર્મોમાં જૈન અને બૌધ્ધ આવે છે. જૈન સંપ્રદાયના લોકો તેમને હિંદુ કોમમાં ગણતા નથી. અને તેને કારણે તાજેતરમાં તેમને લઘુમતી કોમ તરીકેનો દરજ્જો સરકાર તરફથી આપવામાં આવ્યો છે.જે લોકો હિંદુ ધર્મથી નાખુશ છે તેવો કેટલોક વર્ગ મોટા પાયે બોધ્ધ ધર્મમાં પ્રયાણ કરી રહ્યો છે.માત્ર અમદાવાદની વાત કરીએ તો ૨૦૧૦માં એક સાથે ૧૧૬૭ જેટલા દલિત હિંદુઓએ બૌધ્ધ ધર્મની દિક્ષા લીધી હતી.અમદાવાદ કલેકટર દ્વિધામાં છે કે આને ધર્માંતરણ કહેવાય કે નહી? ખરેખર કહેવાય,પરંતુ તેમણે આ જવાબદારી સરકાર પર ઢોળી દીધી છે.બાબાસાહેબ આંબેડકરે દલિતોને થતા અન્યાયોને કારણે બૌધ્ધ ધર્મ અંગીકાર કરવાનો વિચાર દર્શાવ્યો હતો.તેમણે પોતે કહ્યું હતું કે હું હિંદુ તરીકે જન્મ્યો હતો પરંતુ હું હિંદુ તરીકે મરીશ નહી.પરિણામે એક વર્ગ જે ડો.બાબાસાહેબની વિચારધારાને અનુસરે છે તેમણે બૌધ્ધ ધર્મ તરફ વળવાનો મનસુબો સેવ્યો છે.દેશમાં દલિતો અને આદીવાસીઓની સંખ્યા એટલી વિશાળ છે કે તેમનો આવો મનસુબો હિંદુ કટ્ટરતાવાદીઓને ગળે ઉતરે નહી.તેમની તરફેણમાં મતપેટીઓ છલકાય અને તેમના રોટલા શેકાયનું રાજકારણ આ વિવાદમાં મુખ્યત્વે મુદ્દો છે.

જો કે સંઘ,વીએચપી,બજરંગદળ કે ધર્મ જાગરણ મંચ વિગેરે સંસ્થાઓના કાર્યકરોમાંથી બીજેપીમાં આવેલા માટે આ એજન્ડા મુખ્ય છે.તેમને દેશનાં બંધારણમાં આપેલ સર્વધર્મસમભાવના નાગરિક અધિકાર સાથે કોઈ લેવાદેવા નથી.તેથી ખાસ કરીને વિકાસના મુદ્દે માત્ર નરેન્દ્ર મોદીને કારણે સત્તા સ્થાને બેસી ગયેલા આ પરિબળો હવે જાગૃત બની રહ્યા છે. અને તેમના છુપા એજન્ડાઓને બહાર લાવી રહ્યા છે.અત્યાર સુધી તેમને તકો મળતી નહોતી.પરંતુ હવે તેઓ સત્તા પર હોવાથી કાયદો અને વ્યવસ્થા તેમની કુરનીશ બજાવે છે તેથી તેમનું કામ સરળ બની ગયું છે.જો કે વડાપ્રધાન આ બધાની સાથે સંમત ન હોય,પરંતુ તેમને તેમના કાર્યકરોના કારણે માફી અચુક માંગવી પડે છે.

(મહેશ એચ. પરમાર)

# ધર્મ જાગરણ સમિતિ દ્વારા આગામી ધર્માંતરણ માટે ફંડફાળાની અપીલ

આગ્રા ખાતે સંઘ દ્વારા મુસ્લીમોનું ધર્માંતરણ કરાવવામાં આવ્યું તેનો વિવાદ ચાલી રહ્યો છે.ત્યાં નાતાલના તહેવારો દરમિયાન મોટાપાયે ખ્રિસ્તી અને મુસ્લીમ પરિવારોનું ધર્માંતરણ કરવાની જાહેરાતથી રાજકીય વાતાવરણમાં ગરમાવો આવી ગયો છે. સંઘ,ભાજપ,બજરંગદળની સંસ્થા હોવાનો દાવો કરતી ધર્મ જાગરણ સમિતિએ પત્રિકાઓ ફરતી કરી છે. જેમાં ખ્રિસ્તીઓ અને મુસ્લીમ પરિવારોનું મોટાપાયે ધર્માંતરણ કરાનાર છે. પરંતુ આ માટે ખ્રિસ્તીને હિંદુ ધર્મમાં પાછા લાવવા માટે બે લાખ અને મુસ્લીમને હિંદુ બનાવવા પાછળ પાંચ લાખનો ખર્ચ થાય છે તેવું આ પત્રિકામાં જણાવાયેલ છે. જેથી આ મોટાપાયે થતા ખર્ચને પહોંચી વળવા માટે ભંડોળની જરુરીયાત છે. આ માટે લોકોને ફંડ ફાળો આપવા માટે અપીલ કરવામાં આવી છે.

ધર્માંતરણ કાર્યક્રમની સાથે સાથે હવે બહુ લાઓ બેટી બચાવો કાર્યક્રમ પણ ચલાવવામાં આવી રહ્યો છે. જેમાં મુસ્લીમ છોકરીઓને હિંદુ સાથે પરણાવવાની યોજના હાથ ધરવામાં આવી છે.તે ઉપરાંત મુસ્લીમ સમાજમાં પરણેલી હિંદુ છોકરીઓને પાછી હિંદુ ધર્મમાં લાવવવાનું અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. ધર્મ જાગરણ સમિતિએ પત્રીકામાં લખ્યું છકે ૨૫ ડિસેમ્બર ઈસુના જન્મ દિવસે બે લાખ લોકોનું ધર્માંતરણ કરાવાશે.દર વર્ષે એકલાખ ખ્રિસ્તીઓ અને એક લાખ મુસ્લીમોને હિંદુ ધર્મમાં પરત લવાશે.



# ફીલીપાઇન્સમાં પોપની પ્રાર્થના સભામા ૬૦ લાખ લોકોની જનમેદની ઉમટી પડી

ફીલીપાઇન્સમાં પોપની પ્રાર્થના સભામાં ૬૦ લાખની મેદની ઉમટી પડી.ફિલિપાઈન્સમાં આવેલાં હયાન વાવાઝોડાને કારણે મૃત્યુ પામેલા લોકોના આત્માની શાંતિ માટે રાજધાની મનીલામાં પોપ ફ્રાંસિસ દ્વારા વિશેષ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સભામાં ૬૦ લાખ લોકોએ હાજરી આપી હતી.અત્યારસુધીમાં કોઈપણ પોપની સભામાં આટલી મોટી સંખ્યા આવી હોય તે પ્રથમ ઘટના છે.આ સભાના બે કલાક પહેલાં જ ૩૦ લાખ લોકો આવી ગયા હતા.ત્યાર પછી સભા દરમિયાન અન્ય લોકો આવ્યા હતા.

# ઇસ્લામીક સંગઠન ઇસીસ દ્વારા અપહરણ કરાયેલ યઝીદી કન્યાઓ બળાત્કાર બાદ આત્મહત્યા કરી રહી છે : એક રીપોર્ટ

ઈસ્લામીક સંગઠન ઈસીસ દ્વારા યઝીકી કન્યાઓનું અપહરણ કરવામાં આવ્યું હતું.તે પૈકીની કેટલીક કન્યાઓ ઉપર બળાત્કાર કરાતાં અને વૈશ્યા તરીકે વેચી દેતા આ કન્યાઓએ આત્મહત્યા કરી લીધી છે તેવું એક રીપોર્ટમાં જાણવા મળ્યું છે.૨૦૦ જેટલી યઝીદી કન્યાઓના અપહરણ આ આતંકી ગ્રુપ દ્વારા કરવામાં આવ્યા હતા અને તેમને છેલ્લા પાંચ મહીનાથી કેદીઓ તરીકે રખાયા હતા.જે પૈકીની કેટલીક કન્યાઓ માંદી પડતા તેમને મુકત કરાઇ હતી.સેકડો મહિલાઓ અને બાળકોને આ આતંકી ગ્રુપે બંદી બનાવ્યા હતા.નોર્થન ઈરાકમાંથી તેઓને બંદી બનાવ્યા બાદ તેમને વૈશ્યા તરીકે કે સેક્સ ગુલામ તરીકે વેચવામાં આવતા હતા.કેટલાકને લગ્ન કરવાની ફરજ પડાતી હતી.તેવું રીપોર્ટમાં જણાવાયું હતું.

એમનેસ્ટી ઈન્ટરનેશનલને આ બંદીઓમાંથી ભાગી છુટેલ કન્યાઓ પૈકીનીએ પોતાની વ્યથાનું વર્ણન કર્યું હતું તેમાં જણાવ્યું હતું કે કેટલીક જુવાન કન્યાઓએ પોતાનુ ભવિષ્ય અંધકારમય બની ગયું હોવાથી આત્મહત્યા કરી લીધી હતી.૨૭ વર્ષીય વફા,એ જણાવ્યુ હતું કે તેણીએ અને તેની બેને આત્મહત્યા કરવાની કોશીશ કરી હતી.પરંતુ તેમને તેમ કરતાં તેમની સાથેની કન્યાઓએ રોકી હતી.ડોનાટેલા રોવીરાએ કહ્યું હતું કે ઈસીસના આતંકીઓ બળાત્કારને હથિયાર ગણે છે.આ માનવતા વિરુધ્ધનો અપરાધ છે.બળાત્કાર અને શારીરીક ત્રાસ મહિલાઓને ખુબજ ત્રાસ ઉભો કરે છે તેથી તેઓ આત્મહત્યાનો પ્રયાસ કરે છે.કેટલાક નાસી છુટવાનો પ્રયાસ કરે છે.જે ભાગ્યશાળી બને છે જે નાસી જાય છે. અન્યો ત્રાસ સહન કરે છે.

કેલીફોર્નીયામાં એક સ્ત્રીએ પોતાના રહેવા માટે એક અજાયબ ઘર બનાવ્યું હતું. તેમાં દસ હજાર બારીઓ,બે હજાર બારણા અને એકસો અઠ્ઠાવન રૂમો હતા. મુંબઈના તુલસીદાર બોરકર નામના માણસ પાસે જુદી જુદી સોળસો કી ચેઈન ભેગી કરેલી છે.સુનિતા મહેશ વોરા નામની સ્ત્રીએ અગિયાર વર્ષમાં એક હજાર કી ચેઈન ભેગી કરેલી છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344, (R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ગોવામાં સંત ફ્રાંસિસના મમીને જાહેરમાં પ્રદર્શન કાજે મુકાતાં દર્શન કાજે દેશ-વિદેશથી ભારે ભીડ ઉમટી



ગોવા ખાતે ૪૫ દિવસ સુધી પ્રદર્શનમાં મુકાયેલ ફ્રાંસીસ ઝેવીયર્સના મમીનું દર્શન કરવા માટે દેશ-વિદેશથી ચાર મિલિયન જેટલા લોકો ઉમટી પડ્યા હતા.આ મિશનરી ફ્રાંસીસ ઝેવીયર્સનું પાર્થિવ શરીર સોળમી સદીનું છે.પ્રદર્શન માટે મુકાયેલ સંત ફ્રાંસીસનું મમી દર દસ વર્ષે જાહેર જનતાના દર્શન માટે મુકવામાં આવે છે.છેલ્લા દિવસે જ્યારે જાહેરમાં મુકાયેલ મમીને તેની જગ્યા પર ખસેડવાનું હતું ત્યારે લગભગ દસ હજાર જેટલા લોકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા હતા. અને સરઘસમાં ભાગીદાર બન્યા હતા.બેસીલીકા ઓફ બોમ જીસુ(ગુડ જીસસ)સોળમી સદીનું છે ત્યાં આ મમીને લઈ જવાયું હતું.જ્યાં તે ગ્લાસ પેનલથી સીલ્વર કાસકેટમાં બંધ રાખવામાં આવશે.સી કેથેડ્રલ જે બેસીલીકાની બાજુમાં છે ત્યાં આ રેલીસને રાખવામાં આવશે.

ફાધર સેવીયો બેરીટો, રેક્ટર અને કસ્ટોડીયન,બેસીલીકા ઓફ બોમ જીસુ અને આ મમીના રખેવાળ છે તેમણે જણાવ્યું હતું કે હવે બીજી વાર જાહેરમાં સંત ફ્રાંસીસનું મમી ૨૦૨૪માં મુકાવાનું છે.પરંતુ અમો તેને ૨૦૨૨માં મુકવાનો નિર્ણય કર્યો છે.કારણકે ૨૦૨૨મં સંતની ઉપાધી અપાયાને ૪૦૦ વર્ષ પુરા થશે.તેમને ૧૬૨૨માં સંતની ઉપાધી આપવામાં આવી હતી.

જાહેરમાં તેમના મમીને મુકાયું તેને જોવા માટે ખુબજ મોટા પ્રમાણમાં ધસારો રહ્યો હતો.વિશ્વભરમાં લોકો તેમના દર્શન કરવા માટે અહીંયા પધાર્યા હતા.તે પૈકીના લોકો એવું માને છે કે સંત ઝેવિયર્સ હજુ મરી ગયા નથી પરંતુ જીવે છે.તેવું ફાધર બેરીટોએ યુકેન્યુઝ.ડોટ.કોમને જણાવ્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે આ પ્રદર્શન અનેક ધર્મના લોકો માટે મળવાનું સ્થળ બને છે.અનેક ધર્મના લોકો સંતના દર્શન માટે અહીયા આવે છે.પ્રદર્શન માં અનેક યાત્રાળુઓ,જેમાં બાળકો,માંદાઓ પણ આવે છે અને દર્શન કરવા માટે આતુરતાથી લાંબો સમય ધીરજથી લાઈનમાં ઉભા રહીને વિતાવે છે.સ્મિતા વેલકર,હિંદુ ગૃહિણી, ગોવાની વતનીએ જણાવ્યું હતું કે તેની નસીબદાર છે કે તેણીને આ દર્શનનો લ્હાવો મળ્યો છે.મે સંત ફ્રાંસીસ માટે ઘણું બધું સાંભળ્યું છે અને ઘણી વાર અહીંયા આવવાનું મન થતું હતું.અને આજે તે તક મળી છે.કોઈપણ ધર્મમાં આસ્થા ધરાવતા હો તેનો કોઈ વાંધો નથી.તેઓ અન્ય કોઈ દેવ કે આસ્થામાં માનતા હશે મને તેનો વાંધો નથી.પરંતુ એક સંતના દર્શન કરવા તે એક તક અને જીવનનો લ્હાવો છે.તુકારામ પવાર જે એક હિદું સાધુ છે અને તેઓ મહારાષ્ટ્ર માંથી અહીયા આવ્યા હતા તેમણે કહ્યું હતું કે મે સંત ફ્રાંસીસના દેહનું દર્શન કર્યા પછી મને શાંતિનો અહેસાસ થાય છે.મે બિસીલીકામાં બેસીને પ્રાર્થના કરી,જે મારા માટે એક સારો અનુભવ હતો. એમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રદર્શન ગોવા સરકાર અને આર્ચીયોલોજી સર્વે ઓફ ઈન્ડીયા સાથે મળીને યોજવામાં આવ્યું હતું.કે જેઓ સોળમી સદીના ઓલ્ડ ગોવા ખાતેના મકાનોની સાર સંભાળ રાખે છે,કે જે પોર્ટુગીઝોની સત્તાકાળ દરમિયાન રાજધાની તરીકેનુ સ્થળ હતું.અને એશીયા ખાતે પોર્ટુગીઝ મિશનરીઓ માટેનું મથક પણ હતું.સરકારી પ્રવક્તાઓ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યુ હતું કે આ પ્રદર્શન યોજવા પાછળ ૪૬૫ મીલીયન રુપીયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.સેટ ફ્રાંસીસનું મરણ શાંગચોઉલ,ચાઈના માં ૧૫૫૨ ખાતે થયું હતું.ત્યાં તેમના દેહને દફનાવવામાં આવ્યો હતો.પરંતુ એક વર્ષ બાદ જેસુએટો દ્વારા સ્થળાંતર કરાયો હતો.અને મલાકા ચર્ચ ખાતે હંગામી ધોરણે દફનાવાયો હતો. ફેબ્રુઆરી ૧૫૫૩માં જણાયું કે તેમનું શરીરને કોઈ નુકશાન થયું નથી.તેજ વર્ષે તેમના દેહને ગોવા ખાતે દરિયાઈ માર્ગે લાવવામાં આવ્યો હતો.તેમના દેહનું પહેલું પ્રદર્શન ૨૩ વર્ષ બાદ યોજાયું હતું.દર દસ વર્ષે તેમના દેહને લોકોના દર્શન માટે ૪૦ દિવસ ખુલ્લો મુકવામાં આવે છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

# છત્તીસગઢમાં ૩૩ ખ્રિસ્તીઓનું ધર્મ પરિવર્તન કરાવાતા વિવાદ

છત્તીસગઢના બસ્તરમં ધર્મપરિવર્તનનો એક મામલો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ભાજપના સાંસદ દિનેશ કશ્યપ પર ૩૩ ખ્રિસ્તીઓના પગ ધોઈને તેમનું ધર્મ પરિવર્તન કરાવવાનો આક્ષેપ થયો છે.જે વીડીયો દેખાડવામાં આવી રહ્યો છે તેમાં સાડી,કામળો અને કાદા આપ્યા બાદ ભાજપ સાંસદ દિનેશ કશ્યપ ધર્માતરણ કરાવેલા લોકોના કાયદેસર પગ ધોઈને હિન્દુ ધર્મમાં સામેલ કરી રહ્યા છે.બસ્તરના ખ્રિસ્તી સમુદાયના કેટલાક લોકોને વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરો દ્વારા મારપીટ કરીને ધર્મ પરિવર્તન કરાવવાના અને ચર્ચમાં પ્રાર્થના કરતાં રોકવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.બસ્તરના એસપી અજય યાદવે પણ ખ્રિસ્તી સમુદાયના થોડાક લોકોને હિંદુ બનાવવાનું સમર્થન આપ્યું છે.એસપીએ કહ્યું હતું કે તાજેતરમાં જ ધર્મ પરિવર્તનને લઈને બે કોમો વચ્ચે મારપીટ પણ થઈ હતી.તાજેતરમાં આગ્રામાં એક કાર્યક્રમમાં ૬૦ જેટલા મુસ્લીમ પરિવારોને ફરીથી હિંદુ ધર્મ અપનાવ્યો હોવાો વિવાદ ચાલી રહ્યો છે.તેની વચ્ચે આ વિવાદે વધુ ભડકો કર્યો છે.આરએસએસે નાતાલના તહેવારોમાં ૧૫ હજાર જેટલા મુસ્લીમ અને ખ્રિસ્તી પરિવારોના ધર્મ પરિવર્તનની તૈયારી કરી છે. આ કાર્યક્રમને સંઘે ''ઘર વાપસી'' નામ આપ્યું છે.આ ધર્મ પરિવર્તનના આયોજકોનો દાવો છે કે આ અલીગઢમાં સૌથી મોટું આયોજન હશે.ગમે તેવા નામો આપવામાં આવે પરંતુ સંઘ કે તેની સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિધિ એક ધર્મપરિવર્તન જ કહેવાય તે તેઓ માનતા નથી.ખરેખર હાલમાં જે પ્રયોગ ઘરવાપસી હેઠળ કરવામાં આવી રહ્યો છે તેને બળજબરીથી કરાતું ધર્માંતર કહેવાય.આ ઉપરાંત તેઓની એક નવી ચાલ છે કે સંસદમાં ધર્માંતરણના મુદ્દે ચર્ચા થાય અને બહુમતી ના જોરે બંધારણીય ફેરફાર કરીને તેમનો છુપા એજન્ડા હિંદુ રાષ્ટ્રને અમલી બનાવી શકાય તે ફિરાકમાં આ લોકો છે.તેઓ શબ્દોની માયાજાળનો ઉપયોગ કરીને વિપક્ષોને ચર્ચા પર સંસદમાં લાવવા માંગે છે અને ત્યારબાદ તેમની મરજી મુજબનો ફેરફાર સંસદની બહુમતીના જોરે કરીને આ દેશમાં તેઓની મનમાની કરવાનો તેમનો બદઈરાદો છે.

ભારતીય જનતા પાર્ટીની જે જે રાજ્યોમાં સરકારો આવી ત્યાં તેમણે બંધારણીય સુધારો કરવાની પહેલ કરી છે. ધર્માંતરણ નો કાયદો લાગુ કરવામાં આવ્યો છે.જો કે તેઓ દ્વારા કરાવાતા ધર્મપરિવર્તને ને ઘરવાપસી જેવું બહુરુપીયા નામ આપીનો ધર્માંતરણને સાચુ ઠેરવવાનો કારસો કરે છે.

ગોકળગાય સતત ત્રણ વર્ષ સુધી ઉંઘી શકે છે.

ડુક્કર ક્યારેય આકાશ તરફ નથી જોઈ શકતા.

સાપની રોગપ્રતિકારક શક્તિ તેના ઝેરમાં રહેલી હોય છે.

નવું જન્મેલું કાંગારુનું બચ્ચું માત્ર એક ઈંચ લાંબુ હોય છે.

સોનેરી બાટણ નામનું પક્ષી એક જ ઉડાણમાં ૪૦૦૦ કી.મી. અંતર કાપી શકે છે.


લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.